# Day to Day Current Affairs

**24 Nov 2015**

## ૧. વડાપ્રધાન નરેન્દ્ર મોદી – મલેશિયા પ્રવાસ :

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં મલેશિયાના ત્રણ દિવસીય પ્રવાસે ગયા હતા.
- મલેશિયાની રાજધાની કુઆલા લુમ્પુર ખાતે વડાપ્રધાને આસીયાન સમિટ તેમજ ઈસ્ટ એશિયા સમિટને સંબોધી હતી.
- ઈસ્ટ એશિયા સમિટની શરૂઆત 2005 થી થઈ હતી જેમાં ઈસ્ટ એશિયન અને સાઉથ ઈસ્ટ એશિયનના ભારત સહિત 16 સભ્ય દેશ હતા.
- 2011માં છઠ્ઠી ઈસ્ટ એશિયા સમિટમાં અમેરિકા અને રશિયાને સામેલ કરતા સભ્ય સંખ્યા 18 થઈ.
- આશિયાન સમિટની શરૂઆત 8 ઓગસ્ટ, 1967 માં થઈ હતી જેનો મુખ્ય હેતુ ઇકોનોમીક અને કલ્ચરલ ડેવલમેન્ટનો હતો.
- ASEAN : Association of south East Asian Nations.
- આ વખતે 27મી આશિયાન સમિટ હતી.
- બંને સમિટનો મુખ્ય મુદો આતંકવાદને ડામવાનો હતો.
- વડાપ્રધાન મોદીએ મલેશિયામાં રામકૃષ્ણ આશ્રમમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ કર્યું હતુ તેમજ તેમણે ગાંધી મેમોરીયલ હોલમાં સ્થાપના માટે ગાંધીજીની પ્રતિમાં આપવાની જાહેરાત કરી હતી.
- મલેશિયા વડાપ્રધાન : હાજી મોહમ્મદ નજીબ બિન તુન હાજી અબ્દુલ રઝાક.

## ૨. નાસા અને ઈસરો મળીને નિસાર સેટેલાઈટ તૈયાર કરાશે :

- પૃથ્વી પરના આવતા કુદરતી પરિવર્તનનો સચોટ ડેટા મેળવવા માટે અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસા અને ભારતની ઈસરો મળીને વિશ્વનો પ્રથમ સાર (સિન્થેટીક એપેર્ચર રેડાર) સેટેલાઈટ તૈયાર કરી રહી છે.
- નાસા – ઈસરો અને સા એ ત્રણેય શબ્દો ભેગા કરીને ઉપગ્રહને નિસાર (નાસા – ઈસરો – સિન્થેટિક એપેર્ચર રેડાર) નામ આપવામાં આવ્યું છે.
- નિસાર વિશ્વનો પ્રથમ ટુ-ડી સેટેલાઈટ હશે.
- અમદાવાદ ખાતે નિસારની કામગીરીનો પ્રારંભ થઈ ચૂક્યો છે.
- ટુ-ડી હોવાને કારણે આ ઉપગ્રહ ડ્યુઅલ ફ્રિકવન્સી પર કામ કરશે.
- ભારતનું ચોમાસુ અત્યંત જટિલ છે. એ ચોમાસાની રચના, દરમિયાન પલટાતા પ્રવાહો, હવામાનમાં પરિવર્તના, બરફ પીગળવાની પ્રક્રિયા વગેરેનું સીધુ મોનિટરિંગ કરવું એ આ ઉપગ્રહનો મુખ્ય ઉદેશ છે.
- 800 કરોડ રૂપિયા કરતાં વધુના આ પ્રોજેક્ટનું ટેસ્ટિંગ 2016 માં શરૂ થશે.
- શરૂઆતમાં વિજ્ઞાનીઓ ઉપગ્રહને વિમાનમાં ગોઠવીને પૃથ્વી ફરતે પરિભ્રમણ કરાવશે, જેથી તેની કાર્યાપધ્ધતિ તપાસી શકાય.
- નિસાર નીચલી ભ્રમણકક્ષામાં 747 કિલોમીટરે રહિને ભ્રમણ કરશે.
- નિસાર ઉપગ્રહ 2020 સુધીમાં તૈયાર થશે અને એ પછી ત્રણ વર્ષ સુધી કાર્યરત રહશે.
- નિસારના મિશન ડિરેક્ટર નાસાના વૈજ્ઞાનિક પૌલ રોસ છે.

## ૩. પંકજ અડાવાણી – બિલિયર્ડસ :

- ભારતના સ્ટાર બિલિયર્ડસ ખેલાડી પંકજ અડવાણીએ તાજેતરમાં ઇઝિપ્ત ખાતે આઇબીએસએફ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ચોથુ સ્નુકર ટાઇટલ જીતી ચેમ્પિયન રહ્યો હતો.
- તેણે ચીનના ઝુઆચ શિગટોનને હરાવી આ ટાઇટલ જીતુ હતું.
- પંકજની કારકિર્દીનું આ 15મુ વિશ્વ ટાઇટલ હતું. તેણે 11 વર્લ્ડ બિલિયર્ડસ અને 4 સ્નુકર ટાઇટલ જીત્યા છે.
- 2003 તેણે પ્રથમ વખત વિશ્વ ચેમ્પિયનશિપ જીતી હતી.

Vivekanand Academy, Gandhinagar